| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭–૦૧–૨૦૧૫ |
| રજી.તારીખ | ૨૭–૦૧–૨૦૧૫ |
| ફેંસલ તારીખ | ૦૭–૦૭–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૧૧ માસ ૦૫ દિવસ ૧૧ |

**મે.ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ**

**અને એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**નડીઆદ, જિલ્લો–ખેડા.**

**ક્રિમીનલ કેસ નં.૪૬૪/૨૦૧૫**

**આંક–૪૫**

ફરીયાદી : **શ્રી સરકાર**

**––વિરૂધ્ધ––**

આરોપી : **રાજેશભાઈ ઉર્ફે નવગણભાઈ ભાનુભાઈ ભરવાડ**

રહેવાસી– નવા બિલોદરા, શ્યામ બંગ્લોઝ,
તા.નડીયાદ, જી. ખેડા

ગુનો : **ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭ તથા**

**એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

––––––––––––––––––––––––––––––––

**સરકારપક્ષે એ.પી.પી.શ્રી : ડી.પી.પારેખ**

**આરોપી તરફે વિ.વ.શ્રી : પી.આર.ઉપાધ્યાય**

––––––––––––––––––––––––––––––––

## –:: ચુકાદો ::–

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં નીચે મુજબ છે:– આરોપીએ તા.૧૬/૦૭/૨૦૧૪ ના રોજ કલાક ૦/૩૦ વાગ્યાના સુમારે બાયપાસ રોડ નવા બિલોદરા સીમમાં પોતાની વરના ગાડી નં.જી.જે.૭.એ.આર.૩૮૮૮ ની પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી લાકડા ભરેલ ટ્રેકટર ટ્રોલી નં.જી.જે.૧.એ.કયુ.૯૫૭૬ ના પાછળના ભાગે અથડાવી પોતાના શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હા સબબ ચાર્જશીટ થતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતાં કોર્ટ ધ્વારા આરોપી વિરૂધ્ધ કોગ્નાઈઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો અને આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી અને ત્યારબાદ આંક : ૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તેમની સામેના ગુન્હા સબબ ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**::મૌખિક પુરાવા::**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૧ | સાહેદ ખુશાલભાઈ ખેંગારભાઈ નાઓની જુબાની |
| ૨ | ૨૫ | પંચસાહેદ પ્રકાશભાઈ નારણભાઈ મેઠીયા નાઓની જુબાની |
| ૩ | ૨૭ | પંચસાહેદ ચંદ્રકાંતભાઈ ભાઈલાલભાઈ શર્માનાઓ ની જુબાની |
| ૪ | ૩૫ | સાહેદ નટુભાઈ પુનમભાઈ પરમાર નાઓની જુબાની |
| ૫ | ૩૬ | સાહેદ બુધાભાઈ શકરાભાઈ તળપદા નાઓની જુબાની |
| ૬ | ૩૭ | સાહેદ જયંતીભાઈ પુંજાભાઈ રોહિત નાઓની જુબાની |

**::દસ્તાવેજી પુરાવા::**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગતો |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૨૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |

સદરહું કેસમાં વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ.

(૫) સદરહું કેસમાં ફરીયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. તેઓને ખોટી રીતે તપાસ કરી ખોટી રીતે આરોપી તરીકે સંડોવી દીધેલ છે અને તેઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી રીતે ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૬) ત્યારબાદ સદરહું કેસમાં ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની અને આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) સદરહું કેસમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપી સામેના ગુનાનું તહોમતના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદાઓ ::</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૬/૦૭/૨૦૧૪ ના રોજ કલાક ૦/૩૦ વાગ્યાના સુમારે બાયપાસ રોડ નવા બિલોદરા સીમમાં પોતાની વરના ગાડી નં.જી.જે.૭.એ.આર.૩૮૮૮ ની પુરઝડપે

ગફલતભરી રીતે ચલાવી લાકડા ભરેલ ટ્રેકટર ટ્રોલી નં.જી.જે.૧.એ.કયુ.૯૫૭૬ ના પાછળના ભાગે અથડાવી પોતાના શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) **ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧–૨**

(૧૦) આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે ઉપર પેરા નં. ૩ માં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

(૧૧) આરોપીએ તા.૧૬/૦૭/૨૦૧૪ ના રોજ કલાક ૦/૩૦ વાગ્યાના સુમારે બાયપાસ રોડ નવા બિલોદરા સીમમાં પોતાની વરના ગાડી નં.જી.જે.૭.એ.આર.૩૮૮૮ ની પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી લાકડા ભરેલ ટ્રેકટર ટ્રોલી નં.જી.જે.૧.એ.કયુ.૯૫૭૬ ના પાછળના ભાગે અથડાવી પોતાના શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનું તહોમત છે.

(૧૨) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૧ થી આ કામના સાહેદ ખુશાલભાઈ ખેંગારભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીએ પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ નડીયાદ રુલર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે તેઓની ફરજ બજાવતા હતા. તા.૧૬/૭/૨૦૧૪ ના રોજ તેઓ નડીયાદ રુલર પોલીસ સ્ટેશનમાં તેઓની ફરજ પર હાજર હતા ત્યારે રાજેશભાઈ ઉર્ફે નવગણભાઈ ભાનુભાઈ ભરવાડ નાઓ નડીયાદ રુલર પોલીસ સ્ટેશનમાં આવેલા અને તેઓએ તેઓની રુબરુમાં અકસ્માતના ગુના અંગેની

વિગતવારની ફરીયાદ આપેલી. તેઓએ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી. ત્યારબાદ તેઓએ ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ અ.હે.કો.જયંતીભાઈ પુંજાભાઈ નાઓની તરફ મોકલી આપેલી. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે ''રાત્રે બાર વાગ્યાના સુમારે નવા બીલોદરા ફાર્મ પાસે ગરનાળા નજીક રાત્રે ઉપરથી ગાડી નં.જી.જે.એ.આર. ૩૮૮૮ ચલાવી લઈને જતો હતો તે વખતે મારી ગાડીની આગળ લાકડા ભરેલ ટ્રેકટર જતુ હતુ. મને તેની પાછળ લાકડા ભરેલ ટ્રોલીમાં લાઈટ વગેરે દેખાતુ ન હતુ. મને ટ્રેકટરના ચાલકે ઓચિંતી બ્રેક કરી દેતા મારી ગાડી લાકડા ભરેલ ટ્રોલીની પાછળ ભટકાયેલી મને નુકશાન થયેલુ અને મને વાગેલુ.'' તેવું ફરીયાદીએ તેઓની રૂબરૂની ફરીયાદમાં લખાવેલ છે. તેઓએ કોઈ તપાસ કરેલ નથી માત્ર ફરીયાદ લીધેલી.

આમ, આ સાહેદની જુબાની જોતા તેઓ જણાવે છે કે તેઓએ માત્ર બનાવ અંગેની ફરીયાદ ફરીયાદી રૂબરૂ નોંધેલ તે સિવાય બનાવ બાબતે કોઈ તપાસ હાથ ધરેલ નથી કે લાગતા વળગતા સાહેદોની તપાસ કરેલ નથી.

(૧૩) સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૫ થી આ કામના

પંચ સાહેદ પ્રકાશભાઈ નારણભાઈ મેઠીયા નાઓને તથા આંક–૨૭ થી પંચ સાહેદ ચંદ્રકાંતભાઈ ભાઈલાલભાઈ શર્મા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને આંક–૨૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. સદર પંચ સાહેદોની જુબાની ઘ્યાને લેવામાં આવે તો, સદર પંચ સાહેદો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી ફરીયાદપક્ષે ઉલટતપાસ કરતા પંચ સાહેદો માત્ર સહી ઓળખી બતાવે છે. તે સિવાય બીજુ કંઈ જાણતા નથી. આમ, આ કામે રજુ થયેલ પંચનામાની વિગત રેકર્ડ પર પુરવાર થયેલ નથી.

આમ, રેકર્ડ પર આવેલ સદર પંચસાહેદોની જુબાની ઘ્યાને લેવામાં આવે તો સદર પંચસાહેદો પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

(૧૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ઘ્વારા આંક–૩૫ થી આ કામના સાહેદ નટુભાઈ પુનમભાઈ પરમાર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, આશરે અગિયાર વર્ષ પહેલા તેઓ તેઓનું ટ્રેકટર

રોડની સાઈડમાં ઉભુ રાખી બાજુમાં ઉભા હતા. બનાવ સમયે ત્યાં ખાલી જગ્યા હતી, હાલ ત્યાં બિલોદરા જેલની પાસે બનાવવાળી જગ્યાએ હોટલ બની ગયેલ છે. તે સમયે અચાનક એક ગાડી પુરઝડપે આવી તેઓના ટ્રેકટરની પાછળની બાજુમાં ઘુસી ગયેલી. ગાડી ચાલકને જોતા તે નવઘણભાઈ ઉર્ફે રાજેશભાઈ હતા. આ ગાડીનો નંબર હાલ ખબર નથી. સદર બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ બનાવની ફરીયાદ કોણે આપેલી તે ખબર નથી. આ નવઘણભાઈને જોયેથી ઓળખી શકે. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ટ્રેકટરમાં લાકડા ભરીને રાત્રીના બારથી સાડા બાર આસપાસ નીકળેલો. સાહેદ જણાવે છે કે તેઓ બનાવ સમયે ફ્રેશ થવા માટે નીચે ઉતરેલા અને ફ્રેશ થઈને પાછા ટ્રેકટર ઉપર બેસી ટ્રેકટર ચાલુ કરતા જ પાછળથી ગાડીવાળાએ ટકકર મારેલી. એ વાત ખરી છે કે તેઓ ટ્રેકટરમાં બેઠેલ હોય પાછળથી ટકકર મારનાર વાહન કેટલી ઝડપે આવતુ હતુ તે તેઓ કહી ના શકે. એ વાત ખરી છે કે બનાવ સમયે આ સ્થળે ઘણાબધા વાહનોની અવરજવર રહેતી હતી. એ વાત ખરી છે કે પોલીસે તેઓનું માત્ર નામ સરનામુ

પુછેલુ, બનાવની વિગત પુછેલ નહી. બનાવ સમય બનાવવાળી જગ્યાએ હોટલ હતી. સાહેદ જણાવે છે કે તે સમયે હોટલ ન હતી સર્વિસ સ્ટેશન હતુ. આ સમયે સર્વિસ સ્ટેશને ઘણાબધા માણસો હતા કે કેમ? તેની તેઓને ખબર નથી.

આમ, આ સાહેદની જુબાની જોતાં, તેઓ રાત્રીના સમયે ટ્રેકટરમાં લાકડા ભરીને જતા હતા અને પાછળથી તેમના ટ્રેકટરને એક ગાડી ધ્વારા અથડાવી અકસ્માત કરવામાં આવેલ છે. વધુમાં બનાવ સમયે ટ્રેકટર રોડ ઉપર ઉભેલ હતુ અને આ સાહેદ તેના ઉપર બેઠેલ હતો. જેથી સ્વાભાવિક છે કે પાછળથી આવનાર વાહનને જોઈ શકે નહી અને તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ ગાડીના ચાલકને જોતા તે આ કામનો આરોપી હતો અને તેઓ આરોપીને ઓળખી છે તેવું જુબાનીમાં જણાવે છે. પરંતુ તેઓ ગાડીનો નંબર જણાવતા નથી. આમ તેઓની જુબાની જોતા તેઓ બનાવ બાબતે વધુ પડતુ જણાવવાનું પ્રયત્ન કરેલ છે પરંતુ તેઓ આરોપીને ઓળખી શકે કેમ? જયારે બનાવ રાત્રિ સમયે બનેલો અને તેવા સંજોગોમાં તેમની જુબાની શંકાશીલ જણાઈ આવે છે.

(૧૫) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૬ થી આ કામના સાહેદ બુધાભાઈ શકરાભાઈ તળપદા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તારીખ હાલ તેઓને યાદ નથી. બનાવ સમયે નટુભાઈ ટ્રેકટર ચલાવતા હતા અને તેઓ તેમની પાસે બેઠો હતા. આ સમયે અચાનક પાછળથી એક ગાડી આવીને અથડાઈ ગયેલી. આ ગાડી કોણ ચલાવતુ હતુ અને ગાડી કઈ રીતે આવેલી તે તેઓને ખબર નથી. સદર બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ બનાવની ફરીયાદ કોણે આપેલી તે ખબર નથી. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે આ ગાડીમાં કોણ બેઠુ હતુ, ગાડી કેટલી ઝડપે આવેલી અને કેવી રીતે અથડાયેલી તે તેઓ જાણે નહી. પોલીસે તેઓનું ફકત નામ સરનામુ પુછેલુ આ સિવાય કોઈ હકીકત તેઓએ પોલીસને લખાવેલ નથી.

આમ, રેકર્ડ પર આવેલ સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

(૧૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૭ થી આ કામના સાહેદ જયંતીભાઈ પુંજાભાઈ રોહિત નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૧૬/૦૭/૨૦૧૪ ના રોજ નડી. રુરલ પો.સ્ટે. તેઓ અ.હે.કો. તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા તે સમયે આ કામના ફરીયાદી રાજેશ ઉર્ફે નવઘણભાઈએ પોતાના વિરુધ્ધ ફરીયાદ આપેલી. જે ફરીયાદ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, એમ.વી.એકટ–૧૭૭,૧૮૪ મુજબની તપાસની તપાસ પી.એસ.ઓ. ધ્વારા તેઓને સોંપાતા તેઓએ તપાસ સંભાળી લઈ આ કામે પંચોના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું તેઓની રુબરુ કરેલ, જે પંચનામું તેઓને બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, ઈજા પામનારનું સર્ટી. મેળવી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયે ઓળખી શકે છે. આ કામે પી.એસ.ઓ.એ તેઓને તપાસ અર્થે ફરીયાદ હકીકત આપેલ અને તપાસ દરમ્યાન આ કામના મુળ ફરીયાદી સાઈડે ટ્રેકટર ઉભેલુ તેની પાછળ તેમનું

વાહન લઈને બેદરકારીપુર્વક ઘુસી ગયેલાનું જણાતા આ કામે ફરીયાદીને આરોપી તરીકે દર્શાવી તેમના વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે.જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે તેઓની તપાસમં એવું પણ ખુલેલ નહી કે ટ્રેકટર રોડ ઉપર ઉભેલ હોય અને ટ્રેકટરવાળાએ કોઈ રીફલેકટર કે આળસ મુકેલ હોય.

આમ, આ સાહેદની જુબાની જોતાં, આ ગુનામાં તેઓએ આ ગુનાની તપાસ કરેલ છે અને આ કામમાં તેઓ ધ્વારા જે ફરીયાદી ધ્વારા આંક–૧૨ વાળી ફરીયાદ આપવામાં આવેલ છે તે ફરીયાદીને જ આરોપી તરીકે બનાવેલ છે. વધુમાં આ કામે આંક–૧૨ વાળી ફરીયાદીના ફરીયાદી આરોપી પોતે જ છે જેથી તેઓની જુબાની આ કામમાં નોંધવામાં આવેલી નથી.

(૧૭) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા સાહેદોની જુબાની તેમજ પંચનામુ તેમજ આંક–૩૫ વાળા સાહેદની જુબાની જોતા આ બનાવ આ કામના આરોપીની બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતો હતો તે વાત સ્પષ્ટ થતી નથી. તેમજ ઈજા અંગે ફરીયાદ પક્ષ ધ્વારા કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ નથી. આંક–૨૫ તથા આંક–૨૭ વાળા પંચના સાહેદો આંક–૨૬ થી રજુ

થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. તેઓ પણ કશુ જણાવતા નથી. અને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવે છે તેથી બનાવ કયા સ્થળે બનેલ તે વાતને સમર્થન મળતું નથી. તેવા સંજોગોમાં આંક–૧૨ વાળી ફરીયાદ ઉપર આધાર રાખી આ કહેવાતો ગુનો હાલના આરોપીની બેદરકારીથી બનેલ હોય તેવું સ્પષ્ટ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ નથી.

(૧૮) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં બનાવ આ કામના આરોપીએ ફરીયાદીની ફરીયાદ મુજબ ગફલતભરી રીતે વાહન હંકારી ઈજા પામનારને ટકકર મારી અને તે કારણસર ઈજા પામનારને ઈજાઓ થયેલ હોય અને તેમાં હાલના આરોપીની સંડોવણી હોય તે બાબતે સ્પષ્ટ થતી નથી અને કહેવાતો ગુનો હાલના આરોપીને બેદરકારીને અને ગફલતભરી રીતે વાહન હંકારવાના કારણે બનેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. જેથી આરોપીને સદર ગુન્હાઓ સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં તેવું અત્રેની અદાલતનું માનવું છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, **મુદા નં. ૧ નો નિર્ણય નકાર**માં નિર્ણિત કરી મુદા નં.ર

પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના આરોપી **રાજેશભાઈ ઉર્ફે નવગણભાઈ ભાનુભાઈ ભરવાડ,** રહેવાસી– નવા બિલોદરા, શ્યામ બંગ્લોઝ, તા.નડીયાદ, જી.ખેડાને બી.એન.એસ.એસની કલમ–૨૭૧ અન્વયે **ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હાના તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ ની કલમ: ૪૮૧ ની જોગવાઈ મુજબ રૂા. ૫,૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

**હુકમ આજ તારીખ ૦૭–મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**(આર.આઈ.ચોપરા)**

તા.૦૭/૦૭ /૨૦૨૬ ત્રીજા એડી.સીનીયર સીવીલ જજ અને
મુ.નડીઆદ. એડી.ચીફ જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ
નડીઆદ.
**(કોડ નં.જી.જે.૦૦૭૬૫)**